કચ્છનો શાળોપયોગી ઇતિહાસ.

દીવાન બહાદુર મણીભાઇ જસભાઇની આજ્ઞાથી

રચનાર,તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

આત્મારામ કેશવજી દ્વિવેદી.

અમદાવાદ

નવમી આવૃત્તિ.

અમદાવાદ,

શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલયમાં

પટેલ દલપતરામ ગોકળદાસે છાપ્યું.

શાહપુર નવીપોળ.

પ્રત ૨૦૦૦   સન ૧૯૧૧

કિંમત કોરી અડધી.

કચ્છનો શાળોપયોગી ઈતિહાસ.

દીવાન બહાદુર મણીભાઇ જસભાઇની આજ્ઞાથી

રચનાર,

આત્મારામ કેશવજી દ્વિવેદી.

નવમી આવૃત્તિ.

અમદાવાદ,
શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલયમાં
પટેલ દલપતરામ મકનદાસે છાપ્યું.
શાહાપુર નવીપોળ.

પ્રત ૨૦૦૦ સન ૧૯૧૧

કિંમત કોરી અડધી.

પ્રસ્તાવના.

કચ્છના વિદ્યાર્થીઓ ઇંગ્લંડ અને અમેરીકા ઇ. ની જમીનની પેદાશો, મુખ્ય શેહેરો વગેરેની વાતો જાણે તથા કિંગ હેન્રી અને ઇલિઝાબેથ વિશે પુછોતો કડકડ કહી જાય પણ કચ્છમાં કઇ કઈ જાણવા જોગ જગ્યાઓ છે, શું શું પેદા થાય છે અને ભુજનગર વસાવનાર રાઓશ્રી ખેંગારજીથી વિદ્યમાન મહારાઓશ્રી ખેંગારજી સુધી કોણ કોણ રાજા ભુજનગરની ગાદી ઉપર થયા ઇ૦ સવાલો પૂછશો તો હું ધારૂં છું કે સેંકડે ૯૫ ચુપ રહેશે. આ એક મોટી ખામી કહેવાતી હતી, પરંતુ કચ્છના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર રા૦ રા૦ દલપતરામ પ્રાણજીવન ખખ્ખરે કચ્છની ભૂગોળ રચી એ ખામી કેટલેક દરજ્જે પૂરી પાડી છે. મેં એક ઇતિહાસ રચેલો છે પરંતુ નિશાળના ધોરણ માટે તે બહુ મોટો પડવાથી નામદાર દીવાનજી સાહેબ રાઓ બહાદુર મણીભાઇએ તેનો એક સંક્ષેપ રચવા મને ફરમાવતાં મેં તૈયાર કરી રજુ કીધો તે વિષે રા૦ રા૦ એ૦ ઇન્સ્પેક્ટર સાહેબે કેટલીક સુચના કીધી તે પ્રમાણે તથા નામદાર દીવાનજી સાહેબે પોતાને હાથે કોઇ કોઇ ઠેકાણે શોધી આપ્યો છે તે મુજબ છપાવી પ્રગટ કીધો છે.

ભુજનગર,
તા. ૧ માર્ચ ૧૮૭૮. } આત્મારામ કે. દ્વિવેદી.

કચ્છનો શાળોપયોગી ઇતિહાસ.

કચ્છના હાલના રાજ્ય અધિકારીઓ ચંદ્રવંશી છે. તેઓનું મૂળ યાદવોમાંથી ગણાય છે. એમ કહેવાય છે કે ઇ. સ. ના છઠા સૈકામાં દેવેંદ્ર નામે તેમનો એક પૂર્વજ હતો તેને અસપત, ગજપત, નરપત અને ભૂપત નામે ચાર દીકરા હતા તેમાંથી મોટા અસપતને નબી મહમદે મુસલમાન કીધો. ગજપતના વંશના ચુડાસમા, નરપતના સમા અને ભૂપતના ભટ્ટી થયા. ચુડાસમા ઘોડા વર્ષો ઉપર જુનાગઢમાં રાજ્ય કરતા હતા. સમામાંથી જાડેજાઓ થયા છે જેઓ હાલ આખા કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગો ઉપર રાજ્ય કરે છે અને ભટ્ટી જેસલમેરના અધિપતિ છે,

ઇ૦ સ૦ ની નવમી સદી અગાઉ સમા લોકો સિંધમાં હતા તેઓમાંના લાખીયાર ભડ નામે એક રાજાએ નપર સમૈ વસાવી. એને લાખો ઘુરારો નામે પુત્ર હતો. લાખા ઘુરારાને ચાવડી અને ધાએલ એમ બે રાણીઓ હતી. ચાવડીથી મોડ, વરેઆ, સાંધ અને ઓઢો તથા ધાએલથી ઉનડ, જેહો, ફુલ અને મનાઈ એમ આઠ કુંવરો હતા. પાટવી મોડ હતો પણ લાખાની પ્રીતિ ધાએલ રાણી ઉપર હોવાથી ગાદી ઉંનડને આપી માટે મોડ રીસાઇને પોતાના સાવકા ભાઇ મનાઇને સાથે લઇ કચ્છમાં આવ્યો.

એ વખત કચ્છ મધ્યે પશ્ચિમમાં ચાવડા, મધ્યમાં કાઠીઓ અને પૂર્વમાં વાઘેલાઓનો અમલ હતો, ચાવડામાં વાઘમ કરીને હતો જે મોડનો મામો થાય, તે [1] પાટગઢમાં રહેતો હતો તેને ત્યાં આવી મોડ અને મનાઇ ઉતર્યા

---

[1] ગરડા પરગણામાં એનું ખંડેર છે. એને વાઘમ ચાવડાનો ગઢ પણ કહે છે.

અને વાઘમને દગાથી મારી નાંખી તેનુ રાજ્ય કબજે કીધું. [1]ગુંતરીમાં તે વખતે સાત સાંધ વાઘેલાઓ [2]હતા તેઓએ એ બાબત દાવો ઉઠાવ્યો કે (વાઘમ) અમારો ખંડીઓ હતો માટે તેના ખુનનો જવાબ લેશું. મોડે તેઓને તદબીરથી થંડા પાડ્યા અને ચૌદ ગાડાં ઘાસની રોજ ખંડણી પોંચાડવી કબુલ કીધી. એક વખત તેણે તે ગાડાઓમાં હથિયારબંધ માણસો ભરી ઉપર ઘાસ ઢાંકી ગુંતરીના ગઢમાં દાખલ કરી દઇ સાધો ગફલતમાં હતા તેમને કાપી નાખ્યા અને ગુંતરી સર કીધી. થોડે થોડે તેઓએ આખા કચ્છનો કબજો કીધો અને ચાર ભાગનાં વહેંચણ કીધી. તેમાં બે મોડના, એક મનાઇનો અને એક તેઓએ કેર (પાપ) કીધાં તેને વાસ્તે દાન કરવાનો પણ મનાઇએ એ કેરનો ભાગ દબાવી રાખ્યો માટે તેનું ઉપનામ કેર પડ્યું. તેના વંશના અઘાપી કેર કહેવાય છે અને તેણે ગામ વસાવ્યું તેનું નામ પણ કેરા[3] પડ્યું.

મોડનો દીકરો સાડ થયો તેણે કંથકોટનો કિલ્લો બાંધ્યો સાડનો ફુલ થયો તેણે [4]બોલાડી તથા [5]અણગોરના કિલ્લા બાંધ્યા; ફુલનો લાખો ફુલાણી થયો જે મહા પ્રતાપી હતો તેની કીર્તિ આજ પણ કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત અને મારવાડમાં ગવાય છે. મારવાડમાં તેનો ફુલરા નામે ગઢ છે અને મોટા મેળાઓમાં તેનાં ગીતો ગવાય છે.

---

૧ પાવર પરગણામાં ખંડેર છે.

૨ સાત સાધોનાં નામો, વિશે કવિતા છે.

વેરો, વેરડો, વેરસી, કાંયો, ને કુરપાળ સમે સંતોએ મારેઆ રાણા ને રજપાર,

૩ ભુજથી દક્ષિણે સાત કોસ ઉપર ગામ છે.

૪-૫ એ બેઉના ખંડેરો મીઆણી પરગણામાં છે.

લાખા ફુલાણીનો સોરઠમાં એક ગ્રહરિપુ નામે મિત્ર હતો તે સામે મૂળરાજ સોલંકી ચડી આવ્યો હતો, તે લડાઈમાં ગ્રહરિપુની મદદમાં લાખો ગયો હતો તેઓની આટકોટ પાસે લડાઇ થઈ તેમાં લાખો સૂરો થઇ પડયો હતો.

લાખાને પુત્ર ન હતે. માટે પાછળ તેનો ભત્રીજો પુંઅરો થયો તેણે [1]પધરગઢનો કિલ્લો બાંધ્યો. આ પુંઅરો જુલમી હતો. ક્હે છે કે તેણે સંધાર લોકો ઉપર બહુજ જુલમ ગુજાર્યો હતો માટે સંધારોના દેવ યક્ષોએ તેને મારી નાંખ્યો હતો એ યક્ષોની પુંઅરાના ગઢ પાસે સ્થાપના થઈ છે અને ભાદરવા સુદમાં ત્યાં મોટો મેળો ભરાય છે.

પુંઅરાને સંતતી નહોતાં તેની વીધવા સ્ત્રીએ જામ ઉન્નડના વંશમાંથી જામ લાખાને દત્તક લીધો તેમની વંશાવળી નીચે મુજબ છે. લાખો ધુરારો.

મોડ, વરેઆ, સાંધ, ઓઠો, ઉન્નડ, જેહો, ફુલ, મનાઇ

- મોડ
  - સાડ
    - ફુલ
      - લાખો ફુલાણી
      - ધાઓ
        - પુંઅરો
- ઉન્નડ
  - સમો
    - કાકુ
      - રાયધણ
        - પ્રતાપ
          - સંધભડ
            - જાડો-વેરેજી
              - લાખો-લાખીઆર

---

1 પુંઅરાના ગઢના નામે ખંડેર માક પરગણામાં છે તે.

ખરી રીતે આ લોકો દેવતા નહી પણ યુરોપના કોઇ ગોરા લોકો હતા. જક્ષ વિશે હજી પણ "ધોળા જખ જેવા" એમ કહેવત છે.

પ્રકરણ બીજું.

(જામ લાખા જાડાણીથી રાઓશ્રી ખેંગારજી સુધી)

લાખા જાડાણીએ કચ્છમાં આવી પોતાના ભાઈ લાખીઆરને નામે "લાખીઆર વીઅરો" [1]નામે ગામ વસાવી તેમાં ગાદી સ્થાપી. (સ૦ ૧૨૦૩ ઇ૦ સ૦ ૧૧૪૭) હાલના રાજ્યવંશને સમાની મટી જાડેજાની અવટંક આ રાજાના વખતથી લાગી છે તેનાં બે કારણ છે. એક તો એ કે લાખાને તેના કાકા જાડાએ દત્તક લીધો હતો માટે સિંધી ભાષાના નિયમ પ્રમાણે તે " જાડેજો " (જાડાનો) કહેવાયો બીજું એ કે લાખો તથા લાખીઆર એ બેઉ બેલડા જન્મ્યા હતા સિંધી ભાષામાં બેલડાંને જાડા કહે છે તે ઉપરથી પણ તેના વંશના જાડેજા કહેવાયા.

દીકરીઓને જન્મતાં વેંતજ મારી નાખવાનો દુષ્ટ ચાલ આ રાજાના વખતથી ચાલ્યો હતો. તેનું કારણ એ હતું કે લાખાને સાત દીકરીઓ હતી. તેઓને યોગ્ય વર ગોતવા પોતાના કુળગોરને મોકલ્યો તેણે ઘણા દેશ ફરી આવી જાહેર કીધું કે કોઇ રાજ્યસ્થાન સમાઓની બરોબરી કરી શકે એવું મારા જોવામાં આવ્યું નહી માટે મેં એક કન્યાનું શગપણ કીધું નથી. લાખો એ સાંભળી અભિમાનમાં બોલ્યો કે ધિક્કાર છે આ દીકરીઓને કે એઓને લીધે અમે આવા મોટા કુળના હોઇને કોઇકના સસરા અને સાળા કહેવાઇએ. કન્યાઓ આવા ધિક્કારથી જીવને અગ્નિમાં બળી મુઇઓ અને તે દિવસથી દીકરીઓ જન્મે ત્યારે તર

---

[1] પાવર પરગણામાં ચારણોનું ગામ છે.

તજ મારી નાખવાનો રિવાજ પડ્યો. જે બાયાજી ઇંગ્રેજ સરકારનો અમલ થયો ત્યાં સુધી ચાલુ હતો.

જામ લાખા પછી તેનો પુત્ર રાયધણ થયો (સં. ૧૨૩૧ ઈ૦ સ૦ ૧૨૧૫) તેને ચાર દીકરા હતા તેઓને દેશના સરખા ચાર ભાગ કરી આપી વેહેચણ કીધી હતી. મોટા દેહાને કંથકોટ, ઓઢાને લાખિયાર વિયરો, ગજણને [1]બારો અને હોથીને પુનડી[2] ઈ૦ ગામો આપ્યાં

લાખીયાર વીઅરાની ગાદી ઉપર ઓઢોજી આવવાથી બીજા ભાઈઓને માઠું લાગ્યું અને પરસ્પર વિરોધ ચાલ્યો કંથકોટ અને પુનડી દુર હોવાથી દેહે તથા હોથીએ વાત છોડી દીધી પણ ગજણની વંશનો ગરાસ પાસે હોવાથી તેમની વચ્ચે વિરોધ ચાલ્યા કીધો તેમાં છેક પંદરમા સૈકામાં ઓઢાજીના વંશમાં જામ હમીરજી અને ગજણજીના વંશમાં જામ રાવળ થયા ત્યાં સુધી નાના નાના ટંટા શિવાય જાણવા જોગ બનાવ કંઈ બન્યો નહોતો. જામ રાવળે કપટથી નમી દઈ હમીરજી સાથે સલાહ કીધી અને તેમને તેમના ચાર પુત્રો સહિત મિજમાનીમાં આવવા બારે બોલાવ્યા.

હમીરજી ને અલીયોજી, ખેંગારજી, સાહેબજી તથા રાયબજી નામે ચાર પુત્રો હતા અને કમાબાઈ નામે એક પુત્રી હતી જેને અમદાવાદમાં પરણાવેલાં હતાં. બારે જવા વખત અલીયોજી પોતાની બેનને મળવા અમદાવાદ ગયા હતા અને રાયબજી પોતાને મોશાળ વીરાવાવમાં હતા. બાકી ખેંગારજી તથા સાહેબજીને લઈ હમીરજી બારા તરફ

---

૧ બારોગામ અબડામાં નળીયાથી બે ક્રોશ ઉપર છે.
૨ કાઠીમાં આયાતી ગામ છે.

ચાલ્યા.

વીંઝાણમાં જામ રાવળના ભાઈ અજાજીની સ્ત્રી ખેંગા-રજીની માસી થતી હતી તેને ખબર હતી કે જામ રાવળ હમીરજીથી દગો રમશે માટે તેણે ખેંગારજી તથા સાહેબજી-ને પોતા પાસે બોલાવી લીધા અને હમીરજી બારે ગયા ત્યાં તેમને પુષ્કળ મદિરા પાઇ દગેથી મારી નાખ્યા १ સં. १५६२ ઇ० સ० १५०६) એ ખબર થતાંજ બાઇએ કુંવ-રોને છછરબુટ્ટા નામના એક મીયાણા સાથે અમદાવાદ તરફ મોકલી દીધા. જામ રાવળને શોધ કરતાં માલમ પડ્યું કે કુંવરો વીંઝાણ છે, માટે તે તેમને મારી નાખવા ત્યાં આવ્યો પણ પત્તો લાગ્યો નહીં માટે પગ લેતો લેતો છછર બુટ્ટો નાઠો હતો તેની પાછળ ચાલ્યો.

---

१ જામ હમીરજીની છતરડી બારા ગામ પાસે છે. ત્યાંહાં અસલ બારા ગામ હતું પણ રાઓશ્રી ખેંગારજીએ જામ રાવળને નસાડ્યા ત્યારે ત્યાંહાં હળ ખેડાવી નાંખ્યાં છે અને વસ્તી થોડે દુર બીજી જગ્યાએ વસાવી છે જેને પણ બારા કહે છે.

જામ લાખાથી જામ હમીરજી સુધી વંશાવળી.

જામ લાખો જાડાણી ઈ૦ સ૦ ૧૧૪૭
|
જામ રાયધણ ઈ૦ સ૦ ૧૧૭૫
|
દેદો | ઓઠો ઈ૦ સ૦ ૧૨૧૫ | ગજણ | હાથી
|
ગોહોજી ઈ૦ સ૦ ૧૨૫૫ | હાલો
|
વેહેણજી ઈ૦ સ૦ ૧૨૮૫ | રાયધણ
|
મુળવોજી ઈ૦ સ૦ ૧૩૨૧ | કુંઅર
|
કાયોજી ઈ૦ સ૦ ૧૩૪૭ | હરધોળ
|
આમરજી ઈ૦ સ૦ ૧૪૧૪ | હરપાળ
|
ભીમજી ઈ૦ સ૦ ૧૪૨૯ | હુન્નડ
|
હમીરજી ઈ૦ સ૦ ૧૪૭૨ | તમાચી
|
હરભમ
|
હરધોળ
|
લાખો
|
રાવળ
જામનગરની ગાદીનો મુળ પુરૂષ

પ્રકરણ ત્રીજું.

રાઓશ્રી ખેંગારજી પેહેલા.

સં૦ ૧૫૬૬-૧૬૪૨. ઈ. સ. ૧૫૧૦-૧૫૮૬.

છછર બુટ્ટો કુંવરોને લઈ [1]સાપર પોતા ત્યાં બીયાં કકલ ...મના એક મીયાણાએ તે ત્રણે જણને એક કાલરમાં સં.

---

૧ વાગડમાં હાલ રાપર છે તે.

તાડી મુકયા, જામ રાવળ એ ઠેકાણે આવી પહોચતાં તેણે બીંયાને પુછયું તો તેણે કાન આડા હાથ દીધા પણ રાવળે ઓવાડ નાખતાં પગ આગળ ચાલ્યો નહીં તેથી તેને બીંયામાં શક ગયો માટે તેણે બીંયાના એક છોકરાનું માથું ઉડાવી દીધું તોપણ તેનો પતો મળ્યો નહિ માટે તેણે બીંયાના એક પછી એક ૭ છોકરા મારી નાખ્યા તોપણ બીંયે કાંઇ જવાબ આપ્યો નહીં એટલે રાવળ તેનો સાતમો છોકરો જીવતો રાખી વળી નીકળ્યો.

પાછળથી બીંયે ત્રણે જણને બહાર કાઢતાં તેઓ નાઠા. રસ્તામાં [1]ચરાડવા નામે ગામે જતાં ત્યાં ગોરજી માણક મેરજીએ તેમને કેટલુંક ભવિષ્ય કહ્યું અને એક સાંગ [2]આપી તેથી તેઓનું સારૂ થશે એમ દીલાસો આપ્યો. ત્યાંથી ચાલી તેઓ અમદાવાદ જઇ અલીયાજીને ત્યાં ઉતર્યા.

એક દીવસ એવો બનાવ બન્યો કે અમદાવાદની આસપાસ એક વિકાળ સિંહે ઘણું નુકશાન કીધું તેને મારવા ત્યાંનો બાદશાહ મહમદ બેગડો પોતે ચડ્યો. સીહે બાદશાહના હાથી ઉપર તલપ મારી તે વખતે તેના બધા ખેશીઓ દુર ખશી ગયા અને ખેંગારજીએ તે વિકાળ પશુ ઉપર સાંગ ફેંકી તેનો પ્રાણ લીધો અને બાદશાહનો જીવ જોખમમાંથી બચાવ્યો. આ વખત ખેંગારજીની અવસ્થા ફક્ત ૧૪ વર્ષની હતી, આવડી નાની અવસ્થાના બાળકે આવડું મોટું પરાક્રમ કર્યું તે જોઇ બાદશાહે બહુ ખુશી થઇ તેને "રાઓ" નો કીતાબ આપ્યો અને તેની હકીકત સાંભળી ગયેલું રાજ્ય પાછું મેળવવા બાર હજાર સ્વાર,

---

૧ રાણા શ્રી જાલમસીંગનું ગામ હાલ છે તે.

૨ બરછી જેવું આખું લોઢાનું હથીયાર થાય છે.

કેટલુંક દ્રવ્ય અને મોરબી સ્વાધીન કરવા પરવાનો લખી આપ્યો.

મોરબીમાં આ વખત નવાબખાન ગોરી થાણે હતો. તેણે તે હુકમ માન્યો નહિ માટે લડાઇની તૈયારી થઈ તેટલામાં ગોરીના કામદારો, જેશીકારો અને રૂધો ખેંગારજીને આવી મળ્યા અને મોરબીનાં કમાડ ઊઘાડી દીધાં એટલે ખેંગારજીએ અંદર દાખલ થઈ નવાબખાનને મારી મોરબી સર કીધી અને તેટલામાં કચ્છથી પણ હોથી નોંધણજીની સરદારી તળે કેટલીક મદદ આવી પહોંચી.

મોરબી સર કરી-સાપરમાં રાવળના પક્ષનો જામ અબડો હતો તેને મારી સાપર સ્વાધીન કરી ત્યાં રાઓશ્રી ખેંગારજી ટીલે બેઠા અને તે રોજથી તે ગામનું નામ રાપર પડ્યું. ત્યાં રહી રાવળ જામની જમીનને નુકશાન કરતે કરતે ઠેઠ બારાની પાડોશ સુધી પહોતા ત્યારે રાવળ જામ કેટલાંક ગામો ચારણોને દાનમાં આપી દઇ × પોતે સાતસેરડાને માર્ગે નાસી જઇ જેઠવાઓના મુલકમાં ગયો અને ત્યાં થોડે થોડે ઘણી જમીન હાથ કરી લઇ જેઠવાઓના નાગની બંદરને ઠેકાણે નવાનગરનું તોરણ સંવત ૧૫૯૬ માં બાંધી ત્યાં પોતાની ગાદી સ્થાપી. જે જમીન જામ રાવળને હાથ આવી તેનું નામ ગજણનો દીકરો હાલો કે જેના વંશમાં જામ રાવળ હતો તેના નામથી હાલાર પડ્યું.

× ચારણોને એટલી બધી જમીન આપી દેવાની મતલબ એ હતી કે ખેંગારજી તે પાછી આપશે નહીં તો ચારણો ત્રાગાં કરશે ને કુલડ જાગશે પણ ખેંગારજીએ તે બધી જમીન પાછી આપી છે.

રાઓશ્રી ખેંગારજીએ હવે કચ્છ સ્વતંત્ર તાબે કરી પોતાને સંકટ વખતે મદદ કરનારાઓને બદલો આપ્યો. ભીંયા કકલને બાર ગામ* અને જામનો કીતાબ, છછરબુટાને સાત ગામો અને ગોરજી માણેક મેરજીને બાર ગામો[1] આપ્યાં એમની આપેલી સાંગ હજી માણેકમેરજીની પોશાળમાં છે અને દશેરાને રોજ તપ્તના માલેક તેની પૂજા કરે છે.

રાઓશ્રીએ સંવત ૧૬૦૨ માં અજારની, ૧૬૦૫ માં ભુજનગરની અને ૧૬૩૬ માં રાયપર બંદરની સ્થાપના કીધી, રાયપર નામ આગળ જતાં બદલી હાલ માંડવી બંદર કહેવાય છે.

રાઓશ્રી ખેંગારજી કુલ ત્રણ વખત ટીલે બેઠા હતા. પ્રથમ રાપરમાં, પછી જામ રાવળને નસાડી લાખીઆર વીઅરામાં અને છેલે સં૦ ૧૬૦૫ માં ભુજનગરમાં ટીલ બેઠા અને લાખીઆર વીઅરો ચારણોને દાનમાં આપી દીધો.

રાઓશ્રી ખેંગારજીએ ઘણા લાંબા અવસ્થા વર્ષ ૯૦ ની ભોગવી હતી અને દેશને બહુજ આબાદ કર્યો હતો તથા સિંધના મીર ગાજીખાને કેટલીક મદદ કરી રાયમા બજાર સુધી સિંધનો ભાગ પણ લીધો હતો.

રાઓશ્રી ખેંગારજીને ભોજરાજજી તથા ભારમલજી નામે બે કુંવરો હતા તેમાંથી મોટા ભોજરાજજી રાયધર આમર સામેની ઝપાઝપીમાં × ઝાલુ છેલામાં કામ આવ્યા હતા. જેથી પાછળ ગાદી કુંવર ભારમલજીને મળી.

રાઓશ્રી ભારમલજી પેહેલા.

સં૦ ૧૬૪૨–૧૬૮૮. ઈ૦ સ૦ ૧૫૮૬–૧૬૩૨.

રાઓશ્રી ખેંગારજીના પાટવી કુંવર ભોજરાજજી સ્વર્ગ.

---

* અંજાર પાસેના ગજીવરસી ડુંગરા વગેરે
૧ અંજાર તાલુકામાં વીરા ગામ હજી પણ એ પોશાળ નીચે છે.
× [illegible] છેલો [illegible] [illegible]માં છે.

વાસી થયા હતા × પણ પાછળ તેમના કુંવર અલીયોજી હતા જેમની ઉમર ઘણી નાની હોવાથી રાજ્યની લગામ કુંવર ભારમલજીના હાથમાં આવી. ભારમલજીને કંઈ પણ મેહેનત વગર એટલી બધી હકુમત અને દ્રવ્ય હાથમાં આવ્યાં તેથી તેમણે ઉદારતા ઘણી કરી જેથી લોકોમાં કહેવત ચાલી છે કે " खट्यो खेंगारने भोगव्यो भारे ".

ભારમલજીના વખતમાં જાણવાજોગ બનાવ એ બન્યો હતો કે તેમણે જહાંગીરશાહ બાદશાહની અમદાવાદ જઈ મુલાકાત કરી દેશ ઉપરથી ખંડણી કઢાવી નાંખી હતી એવી સરતથી કે હાજીઓ મક્કે હજ કરવા જવા સારૂ કચ્છનાં બંદરોએથી ચડે તેમને વગર ખર્ચે ત્યાં પોચાડો આપવા,

ભોજરાજજીના કુંવર અલીઆજી ઉમરે પોચતાં પોતાના હકનો દાવો ઉઠાવ્યો પણ કંઈ ન વળતાં તેમણે કોરા પરગણું કબુલ કીધું. તેમણે વીઝાણમાં અલીયાસર તળાવ બંધાવ્યું છે તથા પીર થઈ પુજાતા હતા હજી પણ તેમનો કાળીઓ× કોરામાં છે તેને લોકો કસુંબો ચડાવે છે.

રાઓશ્રી ભોજરાજજી.

સં. ૧૬૮૮–૧૭૦૨. ઇ૦ સ૦ ૧૬૩૨–૧૬૪૬.

ભારમલજીના માટવી કુંવર જેહાજી નાની ઉંમરમાં સ્વર્ગવાસી થયા હતા માટે ગાદી કુંવર ભોજરાજજીને મળી. તેમની કારકીર્દીમાં મુનરાબંદરની સ્થાપના થઈ. પ્રથમ તેને કુમરો, કેહેતા હતા. પછીથી ભુજપર બંદર અને છેલે મુંનરો નામ પડ્યું છે.

× કોરા ગામ ગરડામાં માતાના મઢથી ચાર કોસ ઉપર છે

* ભુજનગરની સ્થાપના વિશે લોકો ભુજીઆ ડુંગરમાં એક મોટો ભુજંગ રહેતો હતો તે ઉપરથી કહે છે પણ એક જુના અનુભવી ચારણની માન્યતા છે કે કુંવર ભોજરાજજીનું નામ સ્થાપવા પેહેલાં ભોજનગર નામ રાખ્યું હતું.

રાઓશ્રી ખેંગારજી બીજા

સં૦ ૧૭૦૨-૧૭૧૧. ઈ૦ સ૦ ૧૬૪૬-૧૬૫૫,

રાઓશ્રી ભોજરાજજીને સંતતી ન હોવાથી પાછળ તેમના ભાઇ મેઘજીના કુંવર ખેંગારજીને દતક લીધા, ખેંગારજીએ એક મારવાડી ચારણુને આશ્રય આપ્યો હતો તેને લાખીયાર વીઅરાના ચારણોએ મારી નાંખ્યો માટે ખેંગારજી તેઓને સજા કરવા ચડી ગયા ત્યાં એક ચારણીઆણીના શ્રાપથી દેવ થયા એમ કહેવાય છે અને તે દીવસથી કચ્છના ગાદીના માલેક લાખીઆર વીઅરાનું પાણી અને રજ અગ્રાહ્ય કરેલ છે.

રાઓશ્રી તમાચીજી.

સં૦ ૧૭૧૧-૧૭૨૨. ઈ૦ સ૦ ૧૬૫૫-૧૬૬૬

ખેંગારજીને સમરીને પેટે હમીરજી નામે એક અનૌરસ પુત્ર હતો તેને શિઆમજીએ ગાદીએ બેસાર્યો પણ ભાયાતોને તે વાત પસંદ ન પડવાથી ખેંગારજીના ભાઇ તમાચીજીને ખંભરેથી બોલાવી લાવી હમીરજીને આગણીસમે દીવસે ગાદી ઉપરથી ઉઠાડી મુકી તમાચીજીને અભિષેક કીધો તથા હમીરજીને ગુજરાન વાસ્તે ગામ ભોજાએ આપ્યું.

રાઓશ્રી રાયધણજી પહેલા.

સં૦ ૧૭૨૨-૧૭૫૪. ઈ૦ સ૦ ૧૬૬૬-૧૬૯૮.

રાયધણજી ગાદીએ બેઠા પછી જહાંગીરશાહે માફ કરેલ ખંડણી પાછી લેવા અમદાવાદના નવાબે પઠાણ મોઆઝીમબેગને મોટા લસ્કરથી કચ્છ ઉપર મોકલ્યો તેણે પદ્ધર પાસે છાવણી નાખી ત્યારે રાઓશ્રીએ સામુદ્રાદપીર અને વકીલોને સામા મોકલી ખંડણી માફ થવાનાં કારણો સમજાવ્યાં તેથી તથા લસ્કરની તૈયારી જોઇ ડરી જવાથી મોઆઝીમ બેગ સંમજુતી કરી ઘરવાનો આપી પાછો વળી ગયો.

મહારાઓશ્રી પ્રાગમલજી પહેલા.

સં૦ ૧૭૫૪-૧૭૭૨. ઈ૦ સ૦ ૧૬૯૮-૧૭૧૬.

રાયધણજીને અગીયાર કુંવરો હતા તેમાં મોટા છોંધણજી તથા રવોજી તેમની હયાતીમાંજ દેવ થયા હતા નોંધણજી-ના કુંવર હાલોજી તથા રવાજીના કાંયોજી હતા તે અને ત્રીજા કુવર પ્રાગમલજી વગેરે સહુ હયાત હતા તે બધા-ઓને દેશનાં જુદાં જુદાં કામો સોંપેલાં હતાં. રાઓશ્રી દેવ થયા ત્યારે તેમના અગ્ની સંસ્કાર વાસ્તે બધા કુંવરો છત-રડીએ ગયા તે વખતે પ્રાગમલજી આંખ દુખવાનું બહાનું કરી ત્યાં ગયા નહીં અને શહેરમાં રાજ્યાભિષેકના વાજંત્રો વગડાવ્યાં, છતરડીએ ગયેલા કુંવરો એ સાંભળી અજબ થયા ત્યારે પ્રાગમલજીના કુંવર ગોડજીએ કહ્યું કે એ મારા ભોળા પીતાના કામ હશે માટે હું જઇ તેમને સમજાવું છું એમ કહી શહેરમાં આવ્યા અને બધા દરવાજા બંધ કરી દીધા. બીજા કુંવરો છતરડીએથી વળ્યા ત્યારે આ બનાવ જોઈ નાઠા અને પોતપોતાને હસ્તે જે જે થાણાં હતાં તે દબાવ્યાં તેમાં હાલાજીએ મુનરો, કાંઠી તથા કોઠારો અને કાંયાજીએ મોરબી તથા કટારીયું દબાવ્યાં. આ વખતથી પાટવી કુંવરે છતરડીએ ન જવું એવો રીવાજ પડયો છે.

નવાનગરની ગાદી ઉપર આ વખત જામ તમાચીજી હતા તેમની અવસ્થા નાની હોવાથી રાજ્યના શત્રુઓએ હરકત કરતાં તેઓશ્રીને આશ્રયે આવ્યા હતા. તે-મની પક્કી ઉમર થયા કેડે પ્રાગમલજીએ પોતાના કુંવર ગો-ડજીને સાથે મોકલી તેમને નવાનગર સ્વાધીન કરાવ્યું હતું એ એહેશાનના બદલામાં તમાચીજીએ કચ્છ દરબારને બા-લાભાનો કિલ્લો બક્ષીસ આપ્યો હતો તથા તે રોજથી પ્રા-

ગમલજીએ "મહારાઓ" નુ પદ ધારણ કીધું હતું.

મહારાઓશ્રી ગોડજી.

સં० ૧૭૭૨-૧૭૭૫. ઈ० સ ૧૭૧૬-૭૧૯

મહારાઓશ્રી ગોડજીએ ફક્ત ત્રણ વર્ષજ રાજ્ય કર્યું. એમણે કરેલાં કામોની વિગત એમના પિતાની કારકીર્દીમાંજ આવી ગઇ છે.

મહારાઓશ્રી દેશળજી પહેલા.

સં० ૧૭૭૫-૧૮૦૮ ઇ० સ० ૧૭૧૯-૭૫૨.

દેશળજી ટીલે બેઠા કેડે તરત મોરબીનો કાંયોજી અમદાવાદના સુબા શેર બુલંદખાનને લાલચ આપી પચાસ હજારના લસ્કરથી કચ્છ ઉપર લઇ આવ્યો. આ વખત રાઓશ્રીના દીવાન મેના ચતુર્ભુજ પૈસા એકઠો કરવામાં સુસ્તી બતાવતાં તેમના પાટરાણી બાઇ રાજબા વાઘેલીએ પોતાનો મોટો ખજાનો સોંપી દીધો અને દેવકર્ણ શેઠ નામના એક લુહાણાએ સુબાને સામે થવા બીડું ઝાલ્યું તેણે બધા ભાયાતોને બોલાવી કુસુંબો ચાલુ કીધો, મોરબીથી કાંયાંજીનો કુંવર અલીયોજી મદદમાં આવેલ તેને દરવાજાની ચોકી સોંપી હતી. નવાબના લસ્કરે ભુજીઆનો કીલો જે તે વખતે અધુરો હતો તે ઉપર મારો ચલાવી ભુંડાગરો તથા બીજો એક કોઠો હાથ કીધો પણ બીજે દીવસે કચ્છી લસ્કરે ધસારો કરી તે કોઠા પાછા લઇ લીધા. તે ઝપાઝપીમાં નવાબનો ભત્રીજો માર્યો ગયો અને ત્રણ હજાર નામી સ્વારોએ કેસરીયાં કરી તુટી પડી મોટી કતલ ચલાવી. નવાબની ફોજે નાસી લાખોંદ પાસે પડાવ કીધો ત્યાં પણ મીયાંણાઓએ તેનો ધાણ કહાડ્યો તથા તેને લાવનાર કાંયાજી તેને છોડી નાશી ગયો જેથી શેરબુલંદખાન મહા દુઃખી થઇ પાછો વળી ગયો.

દેવકર્ણ શેઠને આ પ્રતેલથી દીવાનગીરી મળી. તે પોતાનો બધો વખત વ્યાપાર અને ખેતીના સુધારા તરફ રાખતો હતો અને મેહેસુલ વધારવા તથા દેશના રક્ષણ ઉપર તેણે બહુજ લક્ષ આપ્યું હતું. તેણે ભુજીઆનો કિલ્લો પુરો કીધો. ભુજનો આલમપના ગઢ તથા અંજાર, મુનરા અને રાપરમાં ગઢો બાંધ્યા. વીરાવાવમાં થાણાં બેસાર્યાં તથા ચો ગામાં કચ્છીગઢ અને સિંધમાં રાયમા બજારનો ગઢ બાંધ્યો.

દેશળજીના કુંવર લખપતજીએ પોતાના ખાનગી ખર્ચ વાસ્તે પિતા પાસે કંઇ પૈસાની મોટી રકમ માગી તે તેમને મળી નહીં તેમાં દેવકર્ણ શેઠને અડચણ કર્તા જાણી એક સીપાઇને શીખવી તેને મરાવી નાખ્યો અને થોડા રોજ કેડે દેશલજીને પણ ફરેબથી કેદ કરી રાજ્ય પોતે કબજામાં લીધું દેશલજીએ દશ વર્ષ સુધી કેદમાં રહી અંતે ત્યાંજ દેહ છોડી દીધો.

મહારાજાધિરાજ મિરઝામહારાઓશ્રી લખપતજી.

સં૦ ૧૮૦૮–૧૮૧૭. ઇ૦ સ૦ ૧૭૫૨–૧૭૬૧.

લખપતીજીના હાથમાં રાજ્યની લગામ સંવત ૧૭૯૮માં આવી હતી પણ ગાદીએ બેસવાનું ખરૂં વર્ષ ૧૮૦૮ છે. તેમણે દેવકર્ણ શેઠના દીકરા પુંજા શેઠને દીવાન કીધો પણ તે તેમનું ઉડાઉ ખરચ પુરૂં પાડી શકયો નહીં માટે રૂપજી શાહને નેમ્યો ચાર વરસ પછી રૂપજીશાહને ખસેડી ફરી પુંજો શેઠ અને તે પછી ગોરધન મેતા થયો; તેને મરાવી નાખી ફરી રૂપજીશાહ થયો; અને તેને ખસેડી તુલશીદાસ જોશી થયો આ તુલશીદાસને કાબુલના બાદશાહ પાસે સિંધ ઉપર ચડાઇ કરવા વાસ્તે મોકલ્યો હતો.

લખપતજીની માફક તેમના કુંવર ગોડજીને પણ પિતાની હયાતીમાં રાજ્ય કરવાની મરજી થઇ પણ તે વાત બહાર પડી જવાથી કંઇ બન્યુ નહીં અને ગોડજી મોરબી જઇ લસ્કર લાવ્યા. એ લસ્કર સામે થવામાં રાઓશ્રીએ તુલશીદાસની સુસ્તી જોઈ દેવજીને કામ સોપ્યુ. દેવજી સામે ગયો તેમાં કાપાકાપી ચાલતાં સલાહ થઇ કે કુંવર પુંજા શેઠને દુર કરી મુનરો સાચવે તે ઉપરથી પુંજા શેઠ મોશાળે જઇ રહ્યો હતો.

લખપતજીએ દિલ્લીના અહમદશાહ બાદશાહને લસ્કરી મદદ કરી હતી તેથા તેણે "મિરજા" નો કીતાબ અને 'માહિમરાતીબ" * બક્ષીસ આપ્યાં હતાં તથા કાબુલના મહમદશાહે "મહારાજાધિરાજ" નો કીતાબ આપ્યો હતો

આ રાજાના વખતમાં વિદ્યા અને હુન્નરને ઘણો આશ્રય મળેલો છે ભટ્ટાર્કજી કનક કુશળજીના ઉપરીપણા તળે વ્રજ ભાષાના ગ્રંથો શીખવાની શાળા સ્થાપી તેમાં ભણવા આવનાર વિદ્યાર્થિઓને પેટ ખર્ચ તથા પુસ્તકો મળવાનો બંદોબસ્ત કીધો હતો જે અદ્યાપી ચાલે છે. રહયતની સુખ શાંતી વાસ્તે એક ત્રાંબા પત્રનો લેખ ભુજની બજારમાં માંડવી ઉપર ચોડયો છે જે વાંચવાથી તેમના અદલપણાં વિશે સારો વિચાર થાય છે

---

* મોટી સ્વારી વખત હાથી ઉપર સોનાની માછલી નીકળે છે તે. બાદશાહોની વખતમાં મોટા રાજાઓને એ બક્ષીસ મળતી હતી તેની મતલબ એ છે કે જેમ માછલી આખી પૃથ્વીનો આધાર છે (મુસલમાની મત પ્રમાણે) તેમ એ રાજા એવા દેશનો આધાર છે.

હુન્નર વધારવાનું માન રામસિંહ નામના એક માલમને ઘટેછે, આ રામસંગ દ્વારકાંનો વાઘેર હતો તે વલંદાઓનાં વહાણોમાં પકડાઇ જવાથી યુરોપખંડમાં નીકળી ગયો ત્યાંથી હુન્નરોમાં સારી માહીતી મેળવી હતી. ભુજમાં આવી તેણે તોપો ગાળવાનું કારખાનુ કહાડ્યું હતું અને ઘડીયાળ તથા બીજા હુન્નરોમાં કચ્છીઓને પ્રવીણ કીધા હતા જેની અસર હજી સુધી ચાલી આવે છે. લખપતજીની ફરમાસથી તેણે આયના મેહેલની જગ્યા બનાવી જેના ઇનામમાં તેને કલ્યાણપર ગામ મળ્યું હતું અને તે જીવ્યો ત્યાં સુધી ભુજમાં રહ્યો હતો.

લખપતજી આખી રાત ગમતમાં કહાડતા અને પરોડીએ સુઇ સાંજના ચાર વાગે ઉઠતા તથા દીવાનોમાં પણ વારંવાર ફેરબદલી થઈ હતી તેથી દેશમાં અવ્યવસ્થા થઈ હતી અને સિંધ તથા પારકરવાળાઓએ થાણાં ઉઠાડી મુકયાં હતાં. પોતાને પણ અતી એશઆરામથી જળોદરાદી રોગો લાગુ થયા હતા અને તેને લીધેજ દેહ છોડી હતી.

મહારાજાધિરાજ મિરજા મહારાજાઓશ્રી ગોડજી.

સં. ૧૮૧૭-૧૮૩૫. ઇ૦ સ૦ ૧૭૬૧-૧૭૭૯.

ગોડજી ગાદીએ બેઠા ત્યારે પુંજો શેઠ જુનેગઢ હતો તે દીવાન થવાની આશામાં ત્યાંથી ભુજ આવવા નીકળ્યો પણ તે પોતા અગાઉ જીવણ શેઠ નીમાઇ ગયો હતો માટે તે પરબારો સિંધ તરફ નીકળી ગયો અને ત્યાંના મીર ગુલામશાહ કલ્લોડા સાથે તેના દીવાન ગીધુમલ મારફત મળી તેને કચ્છ અપાવવાની લાલચ આપી સીનેર હજાર લસ્કરથી તેડી લાવ્યો.

ગોડજીએ જીવણ શેઠના ઉપરીપણાં તળે કચ્છનું લશ્કર એકઠું કીધું. નવાનગરથી એકહજાર શિરબંધી બોલાવ્યા અને રાયધણપરથી એક ઘોડેસ્વારની ટુકડી બોલાવી. જીવણશેઠ ઝારાની ટેકરી ઉપર મેલાણ કરી પડ્યો હતો ત્યાં ગુલામશાહ આવી પોહોતો અને જોયું તો બધા કુવાઓ ધુળ તથા પથરાથી પુરી મુક્યા છે જેથી તેનું લશ્કર પાણી વગર બહુ રાન થયું. આ વખત જીવણશેઠ તે ઉપર તુટી હોત તો બેશક ફતેહ મેળવત પણ તેણે તેમ ન કરતાં કિલ્લા ઉપરથી એક તોપ છોડી એ તોપ પેહેરો ભરકેજ કાટી અને સિંધી લશ્કર નાગી તરવારોથી ઉપર ધસ્યું આ વખત ઝાકળના અંધારાથી પોતાનું પારકું ન પરખાતાં મોટી કતલ ચાલી તેમાં જીવણશેઠ પોતે, નરાનો ઠાકર ભીમજી તથા તેના ત્રણ કુંવરો, કેટલાક મુખ્ય સરદારો અને લગભગ આખું લશ્કર કપાઇ ગયું અને બેઉ પક્ષનાં મળી એક લાખ માણસ રણમાં પડ્યાં

ગુલામશાહે તેરા તથા કોઠરાના ઠાકોરો પાસેથી દંડ લીધા અને આસપાસનાં ગાંમડાઓ બાળી નાખ્યાં. આ વાતની રાઓશ્રીને ખબર થતાં તેમણે પુંજા શેઠને દીવાનગીરી આપવાનું લખ્યું એટલે પુંજે શેઠે ભુજ પોચતાં ઘણી મુસ્કેલી નડશે એમ બતાવ્યુ જેથી ગુલામશાહે કહ્યું કે રાજ્ય કન્યા લગ્નમાં મળે તો હું અહીંથીજ પાછો વળી જાઉં. પુંજે શેઠે તે કબુલ કરી શાહને પાછો વાળ્યો અને પોતે ભુજ આવ્યો, ત્યાં તેને દીવાનગીરી મળી તે બે વર્ષ ચલાવી પણ શાહ સાથેનો કોલ પાળી આપવા તે રાઓશ્રીને હમેશ કનેડતો હતો માટે રાઓશ્રીએ તેને કેદ કરી ઝેર પાઇ મારી નાખ્યો. સં૦ ૧૮૨૧.

આ ખબર ગુલામશાહને પોચતાં તે એકદમ રૂદ્રાણી માતાની જગ્યા સુધી આવી પોંહોતો અને ત્યાંથી ગિધુમલને કરાર તોડવાનુ કારણ પુછવા ભૂજ મોકલ્યો. ગિધુમલ શેહેરમાં આવ્યા ત્યારે સંકેત પ્રમાણે શેહેરપનાહ તથા ભુજીઆના તમામ કોઠાઓના તોપો ફોડી જે સાભળી ગિધુમલ આશ્ચર્ય પામ્યો અને ડરીને કાંપમાં ગયો ત્યારે કિલ્લા તથા લશ્કરની તૈયારીની તારીફ કીધી તેથી ગુલામશાહે સલાહની વશી મોકલી અને ખાખરના જાડેજાની કન્યા પરણી વળી નીકળ્યા પણ સિંધમાં જઇ સિંધુ નદીનું પાણી બન્નીમાં આવતું જેથી કચ્છ દરબારને આઠ લાખ કોરીના પેદાશ થતી હતી તે પાણી આડ *બંધ બાંધી અટકાવી દીધુ આ ગડબડનો લાભ લઇ નગરના મેરૂ ખવાસ બાળાંભાનો કીલ્લો ઘસી લીધો.

ગુલામશાહ સિંધ જઇ તરત મરણ પામ્યો અને તેનો દીકરો સિરફરાજ ગાદી ઉપર બેઠો. તે સં૦ ૧૮૩૨ માં ખાવડા રસ્તે કચ્છમાં ઉતર્યો પણ ભુજ તરફ આવવા હિંમત ન ચાલતાં આધોઇ વગેરેની લુંટ કરી વળી નીકળ્યો.

ઇ૦ સ૦ ૧૮૩૪માં મોર બાંજર ચડી આવ્યો તેને મિરજા કુરપાંએ હઠાવ્યો પણ તે પાછળથી એટલો તો ચડી ગયો કે રાઓશ્રીને ન ગણકારતાં બહુ જુલમ કરવા લાગ્યો. મુખ્યત્વે તેણે બે સિધી ઉપર બહુ જુલમ કીધો હતો તેમણે તેને મારી નાખ્યો માટે રાઓશ્રીએ ખુશી થઇ એ સિધી-

---

*આ બંધ ધરતીકંપથી થયો છે એમ પણ કહેવાય છે. માટે તેને અલ્લાબંધ કહે છે.

ઓને કેટલોક ગરાસ ઇનામમાં આપ્યો હતો.

મહારાજાધિરાજ મિરજા મહારાઓશ્રી રાયધણજી

સં૦ ૧૮૩૫-૧૮૭૦. ઇ૦ સ૦ ૧૭૭૯-૧૮૧૪.

રાયધણજી ૧૪ વર્ષની ઉમરે ગાદીએ બેઠા તે વખતે તેમના પિતાના વખતમાં સીદીઓ પ્રબળ હતા તેમણે તે વખતના દીવાન દેવચંદ શેઠને મારી નાંખી વાઘા પારેખને દીવાનગીરી આપી.

રાઓશ્રીની ઉમર ૧૯ વર્ષની થઇ ત્યારે મહમદપના નામના એક સૈયદે તેમની હીંદુ ધર્મ ઉપરથી આસ્થા ઉઠાડી દીધી એટલે હદ સુધી કે હિંદુઓને કલમાં પડાવવા અને મૂર્તિઓનો નાશ કરવા તેમણે નિશ્ચય કીધો અને એટલા વાસ્તે ગામમાં ખુલ્લી તરવારથી ફરતા તથા કોઇના કપાળમાં ટીલુ કે એવું દેખતા તેને મારી નાંખતા અને દેવાલયોમાં જઇ મૂર્તિઓ ભાંગી નાંખતા એ બનાવોથી લોકોમાં જાહેર થયું કે રાઓશ્રી હોલેદીલ થઇ ગયેલ છે. માટે તેમને કેદ કરવા વાઘો પારેખ ૪૦૦ માણસોને લઇ મેહેલમાં દાખલ થયો. રાયધણજી મેહેલને બીજે દરવાજેથી નીકળી ગયા અને વાઘો વગેરે સંકડાસમાં આવી ગયા તેઓ ઉપર પઠાણોએ બંધુકો ફોડી જેથી તે ચારસો જણા ગુંગળાઇને મરણ પામ્યા તેમનાં મુડદાંઓને એકઠાં કરી ભિડનાં નાકાં બહાર દટાવી દીધાં છે. જે જગ્યાને લોકો હાલ પણ વાઘાસર કહેછે.*

લોકો રાજ્યની સત્તાનો ડર મુકી દઇ સ્વતંત્ર થઇ ગયા.

---

*ભિડના નાકાં બાહેર વાઘસર કોરાસરનાં ખંડેર છે.

માંડવી રામજી ખવાસે અને અંજાર મેઘજી શેઠે દબાવ્યાં તથા મુનરો અને લખપત પણ છૂટા થઇ ગયાં; ભુજમાં ગભરાટ દિનપરદિન વધતો ગયો પણ મેઘજી શેઠે તરત રાયધણજીને કેદ કીધા. અને ડોસલવેણ જમાદાર સાથે મળી રાઓશ્રીના ભાઇ પૃથિરાજજી ઉર્ફે ભાઇજી બાવાને નામે એક લશ્કર ઉભું કરી દરબારની ગયેલી સતા પાછી મેળવવા તજવીજ કરવા માંડી. તેણે રામજી ખવાસ માંડવી દબાવી બેઠો હતો તે ઉપર રોજની ૭૦૦ કોરી ખંડણી નાખી. મેઘજી સાથે બીજા ઘણા જણ તે વખતે સામેલ હતા માટે તે વખતનું રાજ્ય બાર ભાઇઓનું કેહેવાતું હતું.

ભાઇજીબાવાની માની ઉશ્કેરણીથી મેઘજી રોહાના ઠાકર ઉપર લશ્કર લઇ ગયો જેથી ભાયાતોમાં અસંતોષ પેદા થયો. અને મેઘજીએ બાર ભાઇઓને મીજમાની આપી હતી તેમાં ઝેર ભેળ્યું હતુ એમ કહેવામાં આવ્યું માટે મેઘજીને નાસી જવું પડયું અને તેણે અંજાર સ્વતંત્ર તાબે કીધું. મેઘજી જતાં રામજી ખવાસે ખંડણી આપવી બંધ કરી અને ભટ્ટી હમીર તથા તુરક વાયદીનાએ રાયધણજીને છુટા કીધા જેથી ફરી દેશમાં ગભરાટ પેદા થયો પણ જમાદાર ફતેમહમદે તેમને તરત ફરીથી કેદ કીધા.

ફતેમહમદ પ્રથમ બકરાં ચારનાર હતો તેને કોઇએ તેના શરીરનો બાંધો જોઇ તે વખતે તેને અનુકુળ સીપાઇની નોકરીમાં રહેવા સલાહ આપી માટે તે પ્રથમ ડોલસ વેણ પાસે સીપાઇમાં નોંધાયો અને થોડે થોડે નાનો સરખો જ-

માદાર થયો અને આ કામથી ડોલસવેણે તેને ૨૦૦ ઘોડાની જમાદારી આપી અને આગળ જતાં પોતાની જાતી ચાલાકીથી તે સહુથી મોટો જમાદાર થઇ પડ્યો. જમાદાર ફતેમહમદે પ્રથમ સણુવાનો ઠાકર હાજીજી જમાબંદી આપતો નહતો તેનું ગામ લુટ્યું. ભચાઉ ખાલસે કીધું તથા માંડવીમાંથી રામજી ખવાસને કહાડી મુકી પોતાની તરફથી હંસરાજશાહને થાણે બેસાર્યો. અને પોતે લખપત ગયો પણ પાછળથી મોડજીએ હંસરાજસાહને ખુટવી માંડવી ભાઇજી બાવાને કબજે દીધી. જે ખબર થતાં જમાદાર ચોવીસ કલાકમાં ભુજ આવ્યો અને રસ્તામાં દસ હજારનું લસ્કર એકઠું કીધું. ભાઇજીબાવે મોરબીની મદદ માગી હતી તેને અટકાવવા જમાદારે આસકરણસાને મચ્છુકાંઠા તરફ મોકલ્યો ત્યાં જઈ તેણે થોડાંક ગામડાં બાળી નાંખ્યાં અને રાધણપુરના નવાબના લસ્કરની એક ટુકડી કચ્છમાં આવતી હતી તેને હઠાવી દીધી. લખપતમાં તુરક મોડ થાણે હતો તેણે દગો કરી લખપત હંસરાજસાહને સોંપી દીધું અને જમાદાર પાસે પૈસો ખુટવાથી તેના કેટલાક નોકરો હંસરાજસાહને જઇ મળ્યા. જમાદાર પોતા કરતાં ભાઇજીબાવાનું જોર વધારે જોઇ ભુજ તેમને સ્વાધીન કરી દઈ પોતે અંજાર ગયો અને ત્યાં માંડવીના વ્યાપારને નુકશાન પોચાડતાં તૂણાબંદર બાંધ્યું. ભાઇજીબાવો ૨૭ વર્ષની નાની ઉમરમાં સ્વર્ગવાશી થયા એટલે જમાદારે ફરી દોર ચલાવ્યો અને સંવત ૧૮૬૦ થી ૬૪ સુધીમાં લખપત ઉપર ચાર સ્વારીઓ કરી તેમાં ખર્ચ ઘણું થયું માટે મોટી મોટી જાગીરો ઉપર દંડ નાખ્યા તેમાં પસુડાંના ઠાકોર ઉપર ટીશ હજાર કોરી દંડ નાખ્યો. એ વાતમાં ધમકડાંનો ઠાકર ગ-

ગજોજી સામેલ હતો તેને કંઇ ભાગ આપવા કહેલ પણ આપ્યો નહિ માટે ગજોજીએ તેને મારી નાંખવા તેના ઉપર ભર કચેરીમાં તરવારનો ઘા કરી જખમી કીધો પણ આસપાસના માણસોએ ગજાજીને પકડી કકડે કકડા કરી નાખ્યા. ગજાજીએ મરવાનો નિશ્ચયજ કીધો હતો માટે તુળશીની માળા વિગેરે પેહેરી ગયો હતો અને બીજ એકાદશીનો દિવસ પસંદ કીધો હતો (સવંત ૧૮૬૩ ના જેઠ સુદ ૧૧)

ચાર મહીના સુધી ખાટલે રહી સારો થયા પછી જમાદારે ધમડકા વગેરે ગજાજીનો બધો ગરાસ તથા ચોબારી જપ્ત કીધાં અને વાગડમાં ત્રાસ બોલાવ્યો જેથી ગરાસીઆઓની રૈયત ડરી જઇ જમાદારે પોતાને નામે ફતેગઢ વસાવ્યું તેમાં આવી રહી. આટલું બધું કરતાં પણ તેના લશ્કરને પુરતો પગાર મળતો નહિ માટે તે પરલે કાંઠે ઉતર્યો અને જત લોકોનું વારાઈ ગામ લુટયું અને બાળાંબુ મેરૂ ખવાસે ઘસી લીધેલ તેનો દાવો ઉઠાવી નવાનગર ઉપર ચડી ગયો અને તે શેહેર ઉપર પોતાનું નિશાન ખડું કીધું પણ ધ્રોળ અને ખીરસરાના તાલુકદારો જેઓ એના ખાનગી મદદગાર હતા તેમને લાગ્યું કે મેરૂની સત્તા તોડતાં જમાદારની સત્તા હેઠળ આવી જશું માટે તેઓ બદલ્યા જેથી જમાદારને પાછું વળી આવવું પડયું.

સંવત ૧૮૫૪ માં જમાદાર ફતેમહમદ બીજીવાર નગર ચડી ગઇ અઢીલાખ કોરી દંડ લઇ સાઠાપાંચ લાખના દસ્તાવેજ કરી લાવ્યો અને ત્રીજીવાર ચડી ગયો ત્યારે કંપની સરકારના આડતીઆ સુંદરજી શેઠે તેને સમજાવ્યો કે કર્નલ વાકર આવે છે તે તમારી તકરારનું છેવટ લાવશે માટે જમાદાર વાગડમાં આવ્યો અને ત્યાં બાદરગઢ વસાવ્યુ.

સંવત ૧૮૬૫માં અંગ્રેજ સરકારનો કચ્છ સાથે સંબંધ

એમ તે સાલમાં કર્નલ વાકર અને જમાદાર વચ્ચે દોસ્તી બાંધવા અને દરિઆઇ લુંટ બાબત પ્રથમ કોલકરાર થયા.

સં૦ ૧૮૬૯માં સખ્ત દુકાળ પડયો જેથી લાખો જીવોનો નાશ થયો તે અગાઉ ફતેમહમદે અગ્રેજને દેશમાંથી કહાડી મુકી કચ્છ તથા કાઠીયાવાડ સ્વતંત્ર તાબે કરવા વિચાર કીધો હતો પણ તેની અવસ્થા પુરી થવાથી સંવત ૧૮૭૦ માં ૬૧ વર્ષની ઉમરે મરણ પામ્યો. તેની પાછળ તેના બે દીકરા ઇબ્રાહીમમીયાં તથા હુસેનમીયાં હતા તેમને પોતાના દોસ્ત જગજીવન મેતાની સલાહ પ્રમાણે ચાલવા જમાદારે વસીયત કીધી હતી.

જમાદારના મરણ પછી પચીસ દીવસે રાયધણજીએ પણ દેહ મુકી. તેમણે પોતાનાં સબને દાટવા ફરમાવ્યું હતું પણ રજપુતોએ તેમ ન કરવા દેતાં અગ્નિ સંસ્કાર કર્યો હતો.

માહારાજાધિરાજ મિરજાં મહારાઓશ્રી ભારતમલજી બીજા.

સં૦ ૧૮૭૦–૧૮૭૫. ઇ૦ સ૦ ૧૮૧૪–૧૮૧૯.

રાઓશ્રી ભારમલજી તખ્ત બેઠા ત્યારે તેમની અવસ્થા પંદર વર્ષની હોવાને લીધે બધો કારભાર હુસેનમીયાંના હાથમાં હતો હુસેનમીયાંથી તેનો ભાઇ ઇબ્રાહીમમીયાં તરત વિરૂદ્ધ થયો તેને સમજાવવા જગજીવન મેતે ઘણો પ્રયત્ન કીધો પણ વ્યર્થ. આ ટંટામાં જગજીવન મેતો* તેનો ભાઇ તથા ઇબ્રાહીમમીયાં માર્યા ગયા. અને દેશમાં ફરીથી અંધા ધુંધી વધી, દિવાનની જગ્યા ઉપર મેતા લક્ષમીદાસની નેમણોક થઇ અને ઇ૦ સ૦ ૧૮૧૫ ના જાનેવારીમાં હુસેનમીયાંએ અંજાર, ભચાઉ, કંથકોટ અને બાહરગઢનું માલેકપણું રાખી ભુજની કુંચીઓ રાઓશ્રીને સોંપી દીધી.

---

* જગજીવન મેતાને ભુજમાં પંચહટડીના ચોકમાં મારી નાખેલ છે.

અંગ્રેજ સરકાર સાથેના કોલકરારો ઉપર લક્ષ અપાતું નહોતું માટે કમાન મેકમર્ડો ભુજ આવ્યો હતો તેને હુસેનમીયાંએ સમજાવી વાગડના લુંટારાઓનો નાશ કરવા વચન આપ્યુ હતું પણ કંઇ થયુ નહતું. એજ લુટારાઓએ કપ્તાન મેકમર્ડોનીજ છાવણી લુંટી માટે તેમને સજા કરવા રાઓશ્રી વાગડ ઉપર ચડી ગયા અને બધો ગુસ્સો પાળાંસવા ઉપર કહાડયો. તથા સીરમાણીઆ નામના લુંટારાને સજા કરવા કાનમેર ઉપર ચડી ગયા. તેટલાજ વાસ્તે કરનલ ઇસ્ટ ચાર હજાર માણુસો અને ગાયકવાડી સ્વારોથી કચ્છમાં ઉતર્યો અને અંજારમાં છાવણી નાંખવા ઠેરાવ કીધો પણ હુસેનમીયાંએ તે કબુલ કીધું નહિ માટે ઇ૦ સ૦ ૧૮૧૫ના ડીસેંબરની પચીસમી તારીખે સવારના દસ વાગે લડાઈ શરૂ થઇ અને બે વાગે તો હુસેનમીયાં તાબે થયો બીજે દિવસે કરનલ ઇસ્ટે તુણાબંદર લીધું અને લાખોંદ પાસે પડાવ કરી રાઓશ્રી સાથે કોલકરારો કર્યાં તેમાં અંજાર પરગણું સીધે સરકારના હાથમાં ગયુ પણ પાછળથી ઇ૦ સ૦ ૧૮૨૩માં રોકડા રૂપીયા અઠયાસી હજારનું તહનામુ કરી કચ્છ દરબારને સ્વાધીન કીધું

રાઓશ્રીના બાઇ લધુમાને એક આરબે મારી નાખ્યા તથા એવા ઘણાક બનાવો જારી હતા માટે સરકારે કેટલાક ભાયાતો સાથે મળી ઇ૦ સ૦ ૧૮૧૯ માં સરવિલિયમ કેરની સરદારી તળે ભુજીયાનો કબજો લીધો અને ભારમલજીને કેદ કરી તેમના ત્રણ વર્ષના કુંવર દેશળજીને રાજ્યાભિષેક કરી રીજન્સી સ્થાપી.

મહારાજાધિરાજ મિરજાં મહારાઓશ્રી દેશળજી બીજા.

સં૦ ૧૮૭૭–૧૯૧૭. ઇ૦ સ૦ ૧૮૧૯–૧૮૬૧.

ઉપર મુજબ રીજન્સી સ્થાપવામાં આવી તેમાં પ્રથમ

નીચે મુજબ ૭ મેંબરો હતા.

૧ રોહાના જાડેજા વિજેરાજજી ૨ નાગ્રેચાના જાડેજા પ્રિથિરાજજી ૩ રાજગર ઓધવજી હરભાઇ ૪ મેતા લક્ષ્મીદાસ વલભજી ૫ ખત્રી રતનજી જેઠા ૬ અંગ્રેજ રેસીડંટ જે હોય તે.

આ બંદોબસ્તથી કચ્છમાં સમાધાની થઇ પણ તરતજ એક મોટો ધરતીકંપ થયો જેથી કેટલેક ઠેકાણે પાણી હતું ત્યાં સુકાઇ ગયુ અને નહતું ત્યાં થઈ ગયું અને રણના પશ્ચિમ ભાગમાં એક ટેકરો નીકળી આવ્યો જેથી સિંધુ નદીનું પાણી આવતું અટક્યું. ×

સંવત ૧૮૮૧ માં તારલુણાઈ નામના એક લુંટારાની સરદારી તળે ત્રણ હજાર મીયાણાની ટોળી સિંધથી ઉતરી હબા ડુંગર ઉપર એકઠી થઇ તેમાંના આઠસો જણાએ અંજારની બજાર લુંટી. તેમની સામે ભુજથી લસ્કર મુકવામાં આવ્યું તે સાથેની ઝપાઝપીમાં તે આઠસો માણસોનો મુખ્ય મારો જવાથી બધા લોકો વીખરાઇ ગયા અને કંઈ વધારે ખરાબી કરી શકયા નહીં.

ઇ૦ સ૦ ૧૮૩૩ માં રાઓશ્રી દેશળજી ઉમરે પોહોતા. તેમણે અંગ્રેજીતું તથા ગણિત્ત ભુગોળ અને ખગોળનું જ્ઞાન મેળવ્યું હતું, રેસીડન્સીમાં જતા ત્યારે રેસીડન્ટને કેટલાક રાજ સબંધી સવાલો પુછતા ઇ૦ તેમની ચાલાકી જોઇ તેમને વીશ વર્ષ પૂરાં થયે એટલે ઇ૦ સ૦ ૧૮૩૫ ના અગષ્ટમાં અખ્તીયાર સોપવાની મુદત હતી તે ઘટાડી ઇ૦સ૦૧૮૩૪ ના જુલાઇની આઠમી તારીખે (સં૦ ૧૮૯૧ ના અસાડ સુદી ૨) સ્વતંત્ર અખતીયાર સોંપવામાં આવ્યો.

રાઓશ્રી દેશળજીના હાથમાં અખ્તીયાર આવ્યા કેડે તેમણે ઘણીજ ચાલાકીથી રાજ્ય ચલાવવા માંડ્યું અને અંગ્રેજ

× એને અલ્લાબંધ કહે છે.

સરકારના સંબંધથી થતા સુધારાઓ પોતાના દેશમાં દાખલ કીધા, જાડેજાઓ દીકરીઓને જન્મતાંજ મારી નાખતા એ દુષ્ટ ચાલ અટકાવવા સખ્ત ઇલાજો લીધા. સતી, સમાતો, ત્રાગાં વગેરેની પણ મનાઇ કીધી ગુલામોનો વ્યાપાર બંધ કીધો અને ઇસ્પીતાલ તથા સ્કૂલની સ્થાપના કીધી.

રાઓશ્રી દેશળજીને બાલ્યાવસ્થામાં સારી તરબીયત મળી હતી તેથી રાજકાજમાં બહુજ કુશળ હતા. તેમણે જેમ બને તેમ દેશની ઉપજ વધારવા તથા રૈયતનો પ્યાર મેળવવા કોશેશ કરી હતી માટે દેશમાં જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં ખેડુતોને તેમની પેદાશ તથા સ્થિતિ વિશે તથા વ્યાપારીઓને પણ ઉત્તેજન મળે એવા સવાલો પૂછતા જેથી રૈયત તેમના ઉપર બહુ પ્યાર ધરાવતી હતી.

રાઓશ્રી દેશળજીનાં રાજ્યમાં દીવાનની પાઘડી શા. કુશળચંદ હંસરાજને પ્રથમ મળી હતી. તે પછી મેતા અંબારામ રાજારામ અને ઠકર નાનજી જીવરાજ થયા છેલ્લે સં૰ ૧૯૧૫ માં જાની બિહારિલાલ દીવાન નીમાયા. આ દીવાને પ્રથમ યુવરાજ કુમાર શ્રી રવાજી કાંઇ કારણસર રીસાઇ મુનરે જઇ રહ્યા હતા તેમને મનાવ્યા અને દીવાનગીરીનું કામ પણ ઘણુંજ સંતોષકારક કીધું હતું.

સં૰ ૧૯ ૬ માં રાઓશ્રી દેશળજીએ પોતાની ખુશીથી રીજન્સી સ્થાપી તેમાં મુખ્ય મેંબર દીવાન બીહારીલાલ અને પ્રેસીડંટ પોલીટીકલ એજંટ ટ્રેવેલીયન સાહેબ હતા. એ રીજન્સી બાર મહિના સુધી ચલાવી પાછી પોતેજ તોડી નાંખી હતી પણ તરત્તજ તેમણે સં૰ ૧૯૧૭ના શ્રાવણ સુદ ૯ને રોજ દેહ મુકી. પાછળ તેઓ બે કુંવરો અને એક કુંવરી મુકી ગયા હતા. યુવરાજ કુમારશ્રી રવાજી પ્રાગમલજી નામ ધારણ કરી તખ્તે બેઠા. કુમારશ્રી હમીરજીને તેરા પરગણું ગરાસમાં મળ્યું અને કુંવરીશ્રી ચાંદાબા (બાઇસાહેબબા) ને

ઇડરના મહારાજ જવાનસીંગજી વેરે પરણાવ્યાં હતાં.

મહારાજાધિરાજ મિરજાં મહારાઓશ્રી પ્રાગમલજી બીજા.

સં૦ ૧૯૧૭-૧૯૩૨ ઇ૦ સ૦ ૧૮૬૦-૧૮૭૫

સમાધાનીનો વખત હોવાથી આ રાજ્યમાં લડાઇનો કોઇ જાણવાજોગ બનાવ બનેલ નથી, રાજ્યનું ધોરણ અંગ્રેજી રાજ્ય રીતીના વલાણ તરફ વળતું ચાલ્યું હતું. ઇન્સાફની અદાલતો સ્થાપન થઇ તથા કાયદા બંધાયા, રેવન્યુ ખાતામાં પણ ફેરફાર થઇ વૈવટદારો નેમાયા તથા પોલીસ નવા ધોરણ ઉપર બાંધવામાં આવી હતી.

રાઓશ્રી પ્રાગમલજી ગાદીએ બેઠા તે વખત દિવાનની જગ્યા ઉપર જાની બિહારિલાલ હતા તેમનું તરતમાં ભરતપુર જવું થતાં થોડા વર્ષો એમજ કામ ચાલ્યું હતું પણ પાછળથી સં૦:૧૯૨૪માં ખાન બહાદુર કાજી સાહાબુદીનને દિવાનગીરી આપી તેમનું સં૦ ૧૯૩૦માં વડોદરે જવું થયું એટલે સં૦ ૧૯૩૧માં કૃષ્ણાજી લક્ષ્મણને એ હોદો મળ્યો જે તેમણે સવા વર્ષ સુધી ચલાવ્યો હતો.

રાઓશ્રી પ્રાગમલજીને જાહેર બાંધકામોનો ઘણો શોખ હતો તે પાછળ તેમણે બહુ પૈસો ખર્ચ કરેલો છે. પ્રથમ ચાડવા ડુંગરમાં પ્રાગસર તળાવ બાંધ્યું તથા સરદબાગ, અશ્વશાળા, ગજશાળા, તુરંગ, મહાદેવના નાકાંની રચના ઇ. જગ્યાઓ બાંધી અને સૌથી સરસ પ્રાગમહેલ નામની ઇટાલીયન ગોથીક બાંધણીની જગ્યા જે બધા દેશાવરોનું ધ્યાન ખેંચેછે એ પણ એમણેજ બંધાવેલી છે.

આ મહારાજાને સરકાર તરફથી "નાઇટ ગ્રાંડ કમાંડર ઑાવ ધી સ્ટાર આવ ઇંડીયા" નો કિતાબ મળેલો હતો. તેઓ શરીરે અતી ઉંચા નહિ પણ કદાવર અને દેખાવડા ચેહેરાના જુવાન હતા. તેમનું બોલવું સરલ અને લોકપ્રિય

હતું. તેમને શિકારનો ઘણો શોખ હતો અને કોઈપણ જાતના દુર્વ્યસનનો તો તેમનામાં અંશજ નહતો તેમણે મુંબઈની ત્રણ મુસાફરી કરી હતી. પ્રથમ સં૦ ૧૯૨૬ માં નામદાર ડ્યુક આવ એડીન્બરોની મુલાકાત વાસ્તે, બીજી સં૦ ૧૯૨૯ માં લોર્ડ નાર્થબ્રુક સાહેબે ભોપાળની બેગમને ચાંદ આપ્યો તે વખતે અને ત્રીજી સં. ૧૯૩૨ માં નામદાર શાહજાદા પ્રીન્સ આવ વેલ્સની મુલાકાત વાસ્તે આ છેલી વખતે મુંબાઇમાં ગુરદાનાં દુષ્ટ રોગે મહારાઓશ્રીના શરીરમાં દેખાવ દીધો જેને લીધે તેમને તરત ભુજ તરફ વળી આવવું પડ્યું હતું અને બે મહીના બીમાર રહી તારીખ ૧ લી જાનેવારી ૧૮૭૬ સં૦ ૧૯૩૨ ના પોશ શુદ ૫ ને રોજ સ્વર્ગવાસ કીધો. નામદાર પ્રિન્સ આવ વેલ્સ આ વખતે ઉતર હીંદુસ્તાનમાં મુસાફરી પર હતા તેમણે આ ખબર સાંભળી મહાઓશ્રીના કુટુંબ તરફ ટેલિગ્રાફ કરી દીલાસા પત્ર મોકલ્યું તે વખતના વાઇસરાય લોર્ડ નાર્થબ્રુકે ઘણી દીલગીરી લખી જણાવી અને મુંબઇ સરકારે ખાસ વધારાનું ગવર્નમેટ ગેઝેટ બાહેર પાડી તેમના ગુણો જાહેર કરી છપાવ્યું કે " એ બનાવથી કચ્છની પ્રજાએ એક શાહાણો અને પરોપકારી રાજા તથા સરકારે વફાદાર અને એક નૈષ્ઠિક દોસ્ત ખોયો છે. "

નામદાર ડ્યુક આવ એડીન્બરો સાથેની મુલાકાતની યાદગીરીમાં તેમણે ભુજમાં આલફ્રેડ હાઇસ્કુલની સ્થાપના કીધી અને પ્રિન્સ આવ વેલ્સની યાદગીરીમાં માંડવી બંદરનો ડંકો બાંધવાનું ફરમાવી ગયા હતા તેનું ઘણુંક કામ ચાલ્યું પણ રેતીના ઉડાણથી લાભકારી ન નીવડતાં પડતું મુકયું છે.

મહારાઓશ્રી પોતાના પાછળ બે કુંવરો અને એક કુંવરી મુકી ગયેલા છે. યુવરાજ કુમારશ્રી ખેંગારજી ઉર્ફે બાપુભા તખ્તનશીન થયા, તથા કુમારશ્રી કરણજી ઉર્ફે કલુભા સાહેબ

જેઓ સ્વર્ગવાસી થઇ ગયા છે અને કુંવરીશ્રી બાઇ રાજબાને બીકાનેરના મહારાજા ડુંગરસંગજી વેરે પરણાવ્યાં છે.

મહારાજાધિરાજ મિરજાં મહારાઓશ્રી ખેંગારજી (ત્રીજા) સવાઈ બહાદુર.

સં૦ ૧૯૩૨ થી સ૦ ૧૯૭૬

મહારાઓશ્રી ખેંગારજીને સં૦ ૧૯૩૨ ના પોશ સુદ ૭ને રોજ રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આ વખત તેમની ઉમર ફક્ત ૯ વર્ષની હોવાથી રાજ્યનું કામ ચલાવવા મહારાઓશ્રી પ્રાગમલજીએ પોતાના વીલમા દીવાનની જગ્યા ઉપર રાઓબાહાદુર મણીભાઇ સાહેબને બોલાવ્યા હતા તેઓ દીવાન અને પ્રમુખસ્થાને પોલીટીકલ એજંટ સાહેબ જે હોય તે તથા એક મેંબર દરબારશ્રી તરફથી, એક જાડેજા ભાયાતમાંથી તથા એક વ્યાપારી વર્ગમાંથી એમ પાંચ જણની પ્રથમ રીજન્સીની નીચે મુજબ સ્થાપના થઇ

કર્નલ ડબલ્યુ. સી. પાર સાહેબ.....પ્રેસિડંટ.
રાઓ બહાદુર મણીભાઇ જસભાઇ...દીવાન.
રાણાશ્રી જાલમસંગજી......દરબારી મેમ્બર.
જાડેજા ચાંદાજી (સુથરીના)...ભાયાતી મેમ્બર.
શેઠ જીવણદાસ ઇભજી......વ્યાપારી મેમ્બર.

કર્નલ પાર સાહેબની તરતજ બદલી થતાં કર્નલ એલ. સી. બાર્ટન સાહેબ પ્રેસિડંટ થયા, આ વખતે મહારાઓશ્રીને કેળવણી આપવા તરફ ખાસ ગોઠવણ થઇ તેમાં એક દેશી ટયુટર અને એક અંગ્રેજ ગ્રહસ્થની દેખરેખ રાખવાનો નિશ્ચય થયો તેમાં ટયુટરની જગ્યા ઉપર મિ૦ છોટાલાલ સેવકરામ નેમાયા અને દેખરેખ માટે લેફટેનંટ જે. ડબલ્યુ રેની નેમણુંક થઇ જેમને કચ્છ એજન્સીમાં પોલિટીકલ એજંટના આસીસ્ટંટનો હુદ્દો પણ આપવામાં આવ્યો. આ ગોઠવણથી મહારાઓશ્રીના અભ્યાસમાં તુરત એટલો

બધો વધારો થયો કે તેજ વર્ષ (ઇ સ૦ ૧૮૭૭) માં મુંબઇના ગવર્નર સાહેબ સરરિચર્ડ ટેમ્પલનું કચ્છમાં પધારવાનું થયું ત્યારે મહારાઓશ્રીના અભ્યાસથી તેઓ સાનંદાશ્ચર્ય પામ્યા અને તેમની ભાષણ વાંચવાની તથા વાત ચીત કરવાની છટાની ઘણી તારીફ કીધી. એ રીતે કર્નલ બાર્ટન સાહેબ તથા તેમનાં મડમ સાહેબની હોંસથી મહારાઓશ્રીને સુધરેલા જમાનામાં રાજા તરીકેની રીતભાતની તરબીયત મળી છે.

મહારાઓશ્રી ન્હાના મ્હોટા સર્વે શિકારમાં એ ધડક ખેલ કરે છે. તેમને ભાલાવતી સુવરના શિકારનો, ઘોડ દોડનો, ગોળી મારવાનો અને બધી જાતની મરદાનગીની કસરતનો શોખ છે. તે ઉપરાંત તેઓ બેડમિંટન, બિલિયર્ડ અને મલ્લ કસરતમાં કુશળ છે. ભૂજમાં રહેનારા યુરોપિયનો સાથેના વારંવારના પરિચયથી તેમની અંગ્રેજીમાં વાતચીત કરવાની તથા અંગ્રેજી રીતભાતની શક્તી ઘણીજ સુધરીછે.

ઇ૦ સ૦ ૧૮૮૨ ના માર્ચ માસમાં તેઓએ કુમારશ્રી કલુભા સાહેબ સહિત પ્રથમજ કચ્છ છોડી મુંબઇ, પુના અને મહાબળેશ્વરની મુસાફરી કીધી હતી અને ઘણોએક વખત ગવર્નર સાહેબ સર જેમ્સ ફરગ્યુસન સાથે કહાડ્યો હતો જે અરસામાં એ અમલદારની મહારાઓશ્રીના સામાન્ય જ્ઞાન અને રીતભાત ઉપર એટલી સારી અસર થઇ કે તેમણે કલકત્તા સરકાર ઉપર લખી વાળી મહારાઓશ્રીને કાઉન્સીલમાં બેઠક લેવાનો હક આપ્યો અને તે દીવસથી " રીજન્સી કાઉન્સીલ " એ નામ બદલી " કાઉન્સીલ આવ એડમીનીસ્ટ્રેશન " એ નામથી રાજ કારભાર ચાલ્યો. દરમીયાન રીજન્સીમાં ખટપટ થતાં દીવાન મણીભાઇને પાછું વડોદરે જવું પડયું અને રા. બા. નંદશંકર તુળજાશંકર દીવાન થયા હતા. તેઓ ત્રણ વર્ષ રહી પાછા મણીભાઇ

આવ્યા હતા.

ઇ૦ સ૦ ૧૮૮૩ ની સાલમાં મહારાઓશ્રીએ સીમલા અને ઉત્તર હિંદુસ્તાન તરફ બીજી મુસાફરી કરી જેમાં નામદાર વાઈસરાય લોર્ડ રિ ન સાહેબની રૂબરૂ મુલાકાતથી તેઓ બહુજ પ્રસન્ન થયા અને એકવીશ વર્ષની પુખ્ત ઉમ્મરે રાજ્ય સોંપવાને બદલે બે વર્ષ અગાઉ એટલે ઓગણીસમે વર્ષેજ સ્વતંત્ર અખ્તિઆર સોંપવાનો હુકમ કહાડયો.

ઇ૦ સ૦ ૧૮૮૪ ના ફેબરૂઆરીની તા. ૧૯ (વિ૦ સં૦ ૧૯૪૦ ના મહા વદ ૮) ને રોજ મહારાઓજીનાં સાયલાવાળાં તથા ચરાડવાવાળાં રાણી સાહેબો સાથે લગ્ન થયાં અને તેજ સાલ આગષ્ટની ૧૧ મી તારીખે (વિ૦ સં૦ ૧૯૪૧ ના શ્રાવણ વદ ૫) ને રોજ રાજ્યનો સંપૂર્ણ અખ્તિયાર સોંપવામાં આવ્યો. જે વિશે વિશેષ ધામધુમ મુંબઈના ગવર્નર સાહેબ તા. ૧૪ નવેંબરને રોજ ભુજમાં આવ્યા ત્યારે થઇ હતી.

ઇ૦ સ૦ ૧૮૮૫ ના જાનેવારીની ૧ લી તારીખ(સં. ૧૯૪૧ ના પોસ સુદ ૧૫) ને રોજ સાયલાવાળાં મહારાણીજીને પેટે કુંવરી શ્રી કેસાંબાનો જન્મ થયો. તેજ વર્ષની ૩૧ આગષ્ટ (સં૦ ૧૯૪૨ ના શ્રાવણ વદ ૮) ને રોજ ચરાડવાવાળાં મહારાણીજીને પેટે યુવરાજ મહારાજ કુમારશ્રી વિજયરાજજી ઉર્ફે માધુબા સાહેબનો જન્મ થયો.

તાં. ૨ માર્ચ ૮૮૫ ને રોજ મહારાઓશ્રીજીને હિંદુસ્થાન સરકાર તરફથી "સવાઇ બહાદુરનો" અને રાઓ બહાદુર મણીભાઈ સાહેબને 'દીવાન બહાદુર' નો ઇલકાબ ઇનાયત કરવામાં આવ્યો આવી રીતે રાઓશ્રીજીની સંસારી અને રાજ્યકીય બાબતમાં દિનપર દિન ચડતી કળા થતી ચાલી છે.

આ સાલની તા. ૩૦ નવેંબરને રોજ મહારાઓશ્રીએ મોટી દરબાર ભરી દીવાન બહાદુર મણીભાઈ સાહેબ ને વિદાયગીરીનો અને રાઓ બહાદુર મોતીલાલ લાલભાઈને દીવાન નેમવાનો તથા પોતાના ટયૂટર રા. રા. છોટાલાલ સેવકરામને હજુર સેક્રેટરીના હોદ્દાનો શિરપાવ આપ્યો. દીવાનની બાબતમાં આ દિવસ કચ્છના ઇતિહાસમાં નોંધવા જોગ હતો કારણ કે જેવી રીતે દીવાન બહાદુર મણીભાઈ સાહેબ રાજ્ય અને રૈયતના સંપૂર્ણ પ્યાર વચ્ચે વિદાય થયા તથા રાજ્યનાં કલ્યાણ અર્થે પોતે વાવેલાં વૃક્ષોને ઉછેરવાનો ચાર્જ પોતાના એક ઇષ્ટ મિત્રને સોંપ્યો તેવો બનાવ અગાઉ કોઇ વખતે બનેલો નથી.

ઇ૦ સ૦ ૧૮૮૭ માં મહારાણીશ્રી વિકટોરીઆના જ્યુબિલી પ્રસંગે મહારાઓશ્રી પોતાના લઘુ ભ્રાત કુંમારશ્રી કરણજી સહિત ઈંગ્લંડ પધાર્યા હતા અને ત્યાં તેઓ સાહેબને ગ્રાંડ કમાંડર આવ ધી ઈંડીયન એમ પાયરનો અને કરણજી સાહેબને કમાંડર આવ ધી ઇંડીઅન એમપાયરનો ક્તિાબ મળ્યો તથા મહારાણીશ્રીની જ્યુબિલીની યાદગીરીમાં ભૂજ ખાતે જ્યુબિલી આસપિટલનું મકાન બાંધવાનું હતું તેનો પાયો નામદાર ડયુક આવ કોનાટ ભુજ પધાર્યા હતા તેમને હાથે નખાવ્યો હતો.

સં૦ ૧૯૪૪માં ચરાડવાવાળાં ઝાલીજી સાહેબને ખાનજી ઉર્ફે લાખુભા નામે કુંવર જન્મ્યા પણ દોઢ વર્ષના થઈ સ્વર્ગવાસી થયા* અને સાયલાવાળાં ઝાલીજી સાહેબને પેટે સાં, ૧૯૪૫ ના કારતક સુદ ૯ ને રોજ કુમારશ્રી ગોડજી ઉર્ફે મનુભા સાહેબનો જન્મ થયો.

કુંવરીશ્રી કેસાંબા સાહેબનું લગ્ન કોટા મહારાજ સાહેબ ઉમેદસિંહજી બહાદુર સાથે સં૦ ૧૯૫૩ માં થયાં.

સં૦ ૧૯૫૮ માં મહારાજ કુંવરીશ્રી બાકુંવરબા સાહેબના લગ્ન રતલામ મહારાજા શ્રી સજનસંગજી વેરે થયાં. સં૦ ૧૯૬૦ દીવાનની જગ્યા ઉપર રા. બા. ચુનીલાલ તારાભાઇની નીમણુક થઇ. સં૦ ૧૯૬૩ પાટવી મહારાજ કુમારશ્રી વિજયરાજજીના લગ્ન સીરોહી મહારાજાશ્રી કેશરીસિંહજીનાં કુંવરીશ્રી પદ્મકુંવરબા સાથે થયાં.

આ બનાવ ઇતિહાસમાં નોંધવા લાયક એવાં કારણથી છે કે કચ્છની ગાદીના અધિપતિ હમેશા ખાંડુ મોકલી કન્યાને બોલાવી લગ્ન ભુજમાંજ કરતા અને તે પ્રતિબંધથી રજપુતાનાની કન્યા લેતા નહી કારણ કે ત્યાંની કન્યા લાવે તો હથીવાળે પરણવા જવું પડે તે પ્રતિબંધ હમણાં તોડી મહારાઓશ્રી ખેંગારજી સાહેબ જાન કહાડીને પોતાના મહારાજ કુમારશ્રીને પરણાવવા સીરોહી પધાર્યા હતા જે દેખાવ બહુજ રમણિક લાગ્યો હતો.

સં૦ ૧૯૬૪ મહારાજ કુંવરીશ્રી કૃષ્ણ કુવરબાના લગ્ન સીરોહી મહારાજ શ્રી કેશરીસિંગજીના મહારાજ કુમારશ્રી સ્વરૂપસિંહજી વેરે હથીવાળે થયાં

સં૦ ૧૯૬૬ ના ભાદરવા વદ ૧૩ ને રોજ મહારાજ કુમારશ્રી વિજયરાજજીના યુવરાણીશ્રી સીરોહીવાળા ચવાણજીશ્રી પદ્મકુંવરબાને પેટે યુવરાજ કુંમારશ્રી મેઘરાજજી ઉર્ફે મદનસંગજીનો જન્મ થયો.

સં૦ ૧૯૬૭ ના માગસર સુદ ૧ એજ યુવરાણીશ્રીને પેટે કુંમારશ્રી નાહરસિંહજી ઉર્ફે નારૂભા સાહેબનો જન્મ થયો.

---

* તેમની કામના માટે તેમનાં માતુશ્રી ગંગાબા સાહેબે લખેશ્વર મહાદેવનું મંદિર હમીરસર તળાવ ઉપર બંધાવ્યુ છે.

જામ હમીરજીથી વિદ્યમાન મહારાઓશ્રી સુધીની વંશાવળી

જામ હમીરજી

- અલીયોજી
- **રાઓશ્રી ખેંગારજી** (પહેલા)
  - ભોજરાજજી
  - **રાઓશ્રી ભારમલજી** (પહેલા)
    - ૦જેહોજી
    - **રાઓશ્રી ભોજરાજજી**
      - **૦રાઓશ્રી ખેંગારજી** (બીજા)
      - અજોજી (માડી)
      - **રાઓશ્રી તમાચીજી**
        - હાજોજી (ધમડકા ઠા૦)
        - **રાઓશ્રી રાયધણજી** (પહેલા)
          - નોંઘણજી
          - રવોજી
          - **મહારાઓશ્રી પ્રાગમલજી** (પહેલા)
            - **મહારાઓશ્રી ગોડમલજી** (પહેલા)
              - **મહારાઓશ્રી દેશળજી** (પહેલા)
                - **મહારાઓશ્રી લખપતજી**
                  - **મહારાઓશ્રી ગોડજી** (બીજા)
                    - **મહારાઓશ્રી રાયધણજી** (બીજા)
                    - પ્રથિરાજજી ઉર્ફે ભાઈજી બાવો
                      - **મહારાઓશ્રી ભારમલજી** (બીજા)
                        - **મહારાઓશ્રી દેશળજી** (બીજા)
                          - **મહારાઓશ્રી પ્રાગમલજી** (બીજા)
                            - **મહારાઓશ્રી** (વિદ્યમાન) **ખેંગારજી** (ત્રીજા)
                              - (વિદ્યમાન ચિરંજીવ) મહારાજ કુમારશ્રી વિજયરાજજી ઉર્ફે માધુભા સાહેબ
                                - મહારાજ કુમારશ્રી મેગરાજજી
                                - કુમારશ્રી નાહરસિહજી
                              - કુમારશ્રી ગોડજી ઉર્ફે મનુભા સાહેબ
                            - કુમારશ્રી કરણજી ઉર્ફે કલુભા
                          - કુમારશ્રી હમીરજી (તેરા ઠા૦)
                  - માનસંગજી (ડુજાપર)
                  - ખાનજી (રાજપર)
                  - સબળસંગજી (ખીરસરો)
                  - કલ્યાણજી (દેશળપર)
                  - મેઘજી (નથરકુઇ)
                  - કાનજી (ત્રમાઊ)
                - રાયધરજી (અનૌરસ)
              - રાયબજી (ખાખર ઠા૦)
              - જીવણજી (રતાડીયા ઠા૦)
              - હાજોજી (પત્રી, વાંકી ઠા૦)
              - ઉમરોજી (ગજોડ, બેરાજા ઠા૦)
            - નારણજી (ગોધરા ઠા૦)
            - શિઆમજી (સાંધાણ ઠા૦)
            - કરણજી (માનકુવા ઠા૦)
            - ૦ડુજોજી (ગઢસીસ્સા)
          - સુજોજી (તેરા ઠા૦)
          - જીણોજી (કેરા ઠા૦)
          - ગોપાળજી (ફરાદી ઠા૦)
          - આસોજી (બીદડા)
          - લાખોજી (હમનખુડી ઠા૦)
          - ૦મોડજી (ગુંદાળા)
          - ૦અભેરાજજી
          - હાલોજી (કોઠારો)
          - કાંયોજી (મોરબી)
        - હરધોળજી (આસંબીયામઉ ઠા૦)
        - કલ્યાણજી (વડલી ઠા૦)
        - મેઘજી (સગાળીયું ઠા૦)
      - ઉન્નડજી (વરસામેડી)
      - અભેરાજજી (ચીરૈ)
      - રામસંગજી (ભચાઊ)
      - સુજોજી (પાંકડસર)
      - કુંભોજી (કુંભારડી)
    - મેઘજી
    - ૦રાયધરજી
    - પ્રાગજી
    - ૦આસોજી
    - લખધીરજી
- સાહેબજી
- રાયબજી (ભાડીયા, પુનડી ઠા૦)
  - જસોજી (વીઝાણ ઠા૦)
  - હમીરજી (મોથાળો ઠા૦)
  - પંચાણજી (ભજલ ઠા૦)
  - તુગાચીજી (આડીસર ઠા૦)

મારા રચેલા પુસ્તકોની યાદી.

કચ્છદેશનો મોટો ઇતિહાસ (નથી)
પૃથિરાજ ચહુઆણ (ચોથી આવૃત્તિ) નામદાર ર
ઇનામો તથા લાઇબ્રેરી માટે મંજુર કર્યું રૂ.
કચ્છનો શાળાપયોગી ઇતિહાસ. રૂ।

પુસ્તકો મળવાનાં ઠેકાણાં.

ભુજનગર
રા. સાલેમહમદ અલારખા
બુરજ નં. ૧ ગુજરાતી ર
દરબારી બુક ડીપો.
હરીરામ મથુરાદાસ ઉપાધ્યાય.
રા. ઇમામદીન ઇસ્માઇલ એ. ટી.
સાહેબની ઓફીસ.
ઠે૦ જાદવજી હીરજી બુકસેલર.

માંડવીબંદર
શાંઠાત દેવજી વાઘજી
નાગોરી ચાંપડા ખીમરાજ.
વોરા તૈયબજી મલાં મહમદભાઇ

અંજાર—ગ્રંથ કર્તા અને ઠે૦ ઘેલાભાઇ વલભજી.
મુંબાઈ—પંડિત જેઠારામ મુકુંદજી.
અમદાવાદ.—મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર.
ત્રણ દરવાજા.

(કમીશન.)

૧૦ થી ૨૫ નંગ સુધી............................૧૦ ટકા
૨૫ થી ૫૦ સુધી.................................૧૨॥ ,,
૫૦ થી ઉપર.....................................૧૫ ,,
ઘણી મોટી સંખ્યાને વાસ્તે સ્પેશીયલ.